મહેસાણા જિલ્લામાં દારૂ-જુગાર ડામવામાં બેદરકાર પીએસઆઈ સહિત પાંચ સસ્પેન્ડ

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લામાં દારૂ-જુગારની ગેરકાયદે ચાલતી બદીઓમાં નિષ્કાળજી દાખવવા બદલ એક પો.સ.ઈ. સહિત પાંચ જેટલા પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરાતાં પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપ્યો છે.

તાજેતરમાં ગાંધીનગર રેન્જ આઈજીપી મયંકસિંહ ચાવડાની સૂચના મુજબ ગાંધીનગર આર.આર.સેલે મહેસાણા જિલ્લામાં મહેસાણા એ. ડીવીઝન પોલીસ સ્ટેશન, ઉનાવા, લાંઘણજ, વિજાપુર પોલીસ મથકોની હદમાં દારૂ-જુગારના અડ્ડાઓ પર દરોડાઓ પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ દારૂ-જુગારના ચાલતા અડ્ડાઓ સંદર્ભે જવાબદાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની ફરજમાં બેદરકારી દાખવવા બદલ ગાંધીનગર રેન્જ આઈ.જી.પી.ના આદેશને પગલે મહેસાણા ડી.એસ.પી.એ મહેસાણા સીટી એ.ડીવીઝન પોલીસ મથકના પો.સ.ઈ. બી.કે. રાઠોડ, હેડ કોન્સ. ગનશ્યામભાઈ, ઉનાવા પોલીસ મથકના હેડ કોન્સ. વિષ્ણુભાઈ જે. પટેલ, વિજાપુર પોલીસમથકના પો.કો. પરબતજી તેમજ લાંગણજ પોલીસમથકના એ.એસ.આઈ. નટુભાઈને સસ્પેન્ડ કરી દેવામાં આવતા જિલ્લાના પોલીસ બેડામાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

દરમિયાન દારૂ-જુગારના મામલે ફરજમાં બેદરકારી રાખવા બદલ એક પો.સ.ઈ. સહિત પાંચ કર્મચારીઓને સસ્પેન્ડ કરાતાં પોલીસતંત્રમાં આંતરિક ચર્ચાઓ થઈ રહી છે. કહે છે કે, મુખ્યત્વે જે તો પોલીસ મથકના અધિકારીઓ, વહિવટદારો, કર્મચારીઓની કથિત લાંચિયા યાને ભ્રષ્ટનીતિ રીતિના કારણે પોલીસની રહેમ નજરતળે દારૂ, જુગાર તેમજ અન્ય અસામાજીક પ્રવૃત્તિઓ ચાલતી હોય છે.

લોકજીભે ચર્ચાતી વાતો મુજબ મહેસાણા જિલ્લામાં દારૂ-જુગાર, કેફી પદાર્થોનું વેચાણ, અનૈતિક પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

અરવલ્લી મોડાસા કલેક્ટર કચેરી ખાતે પદ્માવતી ફિલ્મનો વિરોધ કરવા જિલ્લાના ૨૦૦ જેટલા રાજપૂત સમાજના અગ્રણીઓ આવી પહોંચ્યા હતા. પદ્માવતી ફિલ્મમાં હિન્દૂ સમાજ અને રાજપૂત સમાજની લાગણી દુભાય એવા દશ્યો અને વાર્તાએ વિરોધનો વંટોળ ઉભો થયો છે. સમગ્ર દેશમાં પદ્માવતી ફિલ્મનો ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો ત્યારે આજે અરવલ્લીમાં પણ વિરોધ જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં ગુજરાતના જ સંજયલીલા ભણસાલીએ ડિરેક્શન કર્યું છે. હકીકતમાં મહારાણી પદ્માવતી પોતાની આબરૂ બચાવવા પોતાના કુળની અને રાજપુતાણીની લાજ રાખવા ૧૬૦૦ રાજપુતાનીઓ સાથે ઝોહર (સતી) કર્યું હતું છતાં મોઘલ બાદશાહના તાબે થયા ન હતા જેનો ઈતિહાસ ગવાહ છે. પરંતુ આ ફિલ્મમાં જાણી જોઈને હિન્દૂ ધર્મ અને રાજપૂત સમાજની લાગણી દુભાય એવી વાર્તાને અને પાત્રને લઈ વિવાદ ઉભો થયો છે જેને લઈ આજે જિલ્લાના રાજપૂત સમાજે ફિલ્મ રજૂ થવા ન દેવા માટે કલેક્ટને આવેદન પત્ર આપ્યું હતું.

મહેસાણા જિલ્લામાં તહેવારોમાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ ફરમાવાયો

મહેસાણા જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારો તેમજ વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ની કામગીરી શરૂ થયેલ છે. મહેસાણા જિલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨ માની કલમ(૩૭) (૧) મુજબ સાવચેતીના ભાગ રૂપે આદેશ કરેલ છે. તહેવારો અને વિધાનસભા ચૂંટણીને અનુંલક્ષીને જિલ્લાના તમામ વિસ્તારોમાં ૧૧ નવેમ્બર-૨૦૧૭ સુધી શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ફરમાવ્યો છે.

જિલ્લામાં શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું,જલદી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવાનું તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું, પત્થર અથવા પત્થર જેવા પદાર્થો અથવા ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદશિત કરવાનું, ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું, અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભિત્સ સુત્રો પોકારી કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

તલોદ પાલિકાના વોર્ડ નં. ૩ના રહિશોએ રસ્તો નહી તો વોટ નહી સાથે હલ્લાબોલ

તલોદ વોર્ડ નં. ૩ના રેલવેલાઈન વિસ્તારના પ્રજાપતિ છાત્રાલયની આસપાસ રહેતા રહિશોને અવરજવર માટે પડતી હાડમારીને લઈને અગાઉ પણ તલોદ નગરપાલિકાતંત્રથી લઈને ઉચ્ચકક્ષા સુધી આવનજાવન માટેનો રેલવેલાઈન ઉપર માર્ગ આપવામાં આવે તેવી માંગ સાથે રજુઆતો કરવા છતાં કોઈ પરિણામ નહી આવતા હવે જ્યારે વિધાનસભા તેમજ ન.પા.નીચૂંટણીઓ નજીકમાં છે ત્યારે આ વિસ્તારના સ્થાનિક રહિશોએ રસ્તો નહી તો વોટ નહી ના સુચક બેનર સાથે ચૂંટણી બહિષ્કારનું રણશીંગુ ફુંકી સ્થાનિકો મોટી સંખ્યામાં હલ્લાબોલ ઉપર ઉતરી આવતા ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે. કલેક્ટર કક્ષાએ અરજી કરવા છતાં કોઈજ તપાસ થઈ નથી. આ ઉપરાંત કોઈ અધિકારી પણ જોવા મળ્યુ નથી. જેનો ઉગ્ર આક્રોશ રહિશોએ વ્યક્ત કર્યો છે.

ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો

ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા ડૉ. અનિલભાઈ જોષીયારા ધારાસભ્ય નિવાસસ્થાન ચુનાખાણ મુકામે સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. કોંગ્રેસના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકરો, પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ મગનભાઈ ઠાકોર સહિત ૫૦ થી વધુ ઠાકોર સમાજના આગેવાનો કોંગ્રેસમાં જોડાયા હતા. ઠાકોર સમાજના આગેવાનોએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો.

આ પ્રસંગે ડૉ. અનિલભાઈ જોષીયારા ધારાસભ્ય ભિલોડા-મેઘરજ, આદિવાસી ડુંગરી ગરાસીયા જનરલ પંચ સાબરકાંઠા-અરવલ્લી મહામંત્રી બાબુલાલ ખાણમા, કુમાર વનરાજસિંહ રાઠોડ મંત્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, પરેશભાઈ ધાનાણી ધારાસભ્ય અમરેલી-ઉત્તર ગુજરાત કાર્યકારી પ્રમુખ, પુર્વ જીલ્લા પંચાયત સદસ્ય ઈન્દ્રવિજયસિંહ રાઠોડ, બલભદ્રસિંહ ચંપાવત પ્રમુખ ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ, કુંદનબેન ડામોર પ્રમુખ ભિલોડા તાલુકા પંચાયત, ઉપપ્રમુખ તુલસીભાઈ પાંડોર, કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત સદસ્ય ચીમનભાઈ કટારા, મંજુલાબેન પાંડોર, લાલજીભાઈ બોડાત શાંમળભાઈ ભાભી, ફજલભાઈ મેમણ, બાબુલાલ પરમાર, છગનભાઈ પટેલ, ધાર્મિકભાઈ ચૌધરી, સમીરભાઈ પંડ્યા, કંદર્પભાઈ પટેલ સહિત કોંગ્રેસ સમિતિના પ્રભારીઓ, હોદ્દેદારો, કાર્યકરો, આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા સ્નેહમિલન કાર્યક્રમને સફળ બનાવવા કોંગ્રેસી કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

પાલનપુર બાળ રિમાન્ડ હોમમાં પરિવારથી વિખુટા પડેલા ૩ બાળકો જોઈ રહ્યા છે નવી જિંદગીની રાહ

બનાસકાંઠા જીલ્લામાં વર્ષો પહેલા વિખુટા પડેલા ત્રણ બાળકો હાલમાં પાલનપુર આબુહાઈવે પર હનુમાન ટેકરી નજીક આવેલ ચિલ્ડ્રનહોમમાં આશરો લઈ રહ્યા છે. જેઓ નવી જિંદગીની આશ લગાવી બેઠા છે.

પાલનપુર ના બાળ રિમાન્ડ હોમ મા વિખુટા પડેલા વિક્રમ, અરવિંદ અને ધર્મજી નામના ૩ બાળકો નાની વયે કોઈ કારણોસર પરિવારથી અલગ પડ્યા હતા. ૧૨ વર્ષનો અરવિંદ વિશાખાપટ્ટનમ માં રહેતો હતો તે અંગ્રેજી, હિન્દી અને તમિલ ભાષાનો પણ જાણકાર છે. ત્યારે ૮ વર્ષનો ધર્માજી મહેસાણાથી અને ચાર વર્ષનો વિક્રમ અમદાવાદથી મળી આવતા તેમને પાલનપુર ચિલ્ડ્રનહોમમાં મોકલવામાં આવ્યા હતા. માસુમ બાળકો ને તેમના પરિવારને મળવા માટે ખુબજ ઉત્સુક છે. ચિલ્ડ્રનહોમ દ્વારા વારસદારોની શોધખોળ આદરી હતી. પરંતુ હજુસુધી કોઈ જાણકારી મળી નથી.

ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન સુભાષભાઈ સોનેરી એ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતુંકે, આ ત્રણેય બાળકો બનાસકાંઠા છે. તેમના પરિવાર સુધી પહોંચવા માટે પ્રયત્ન પણ કરવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી કોઈ જાણકારી પ્રાપ્ત થઈ નથી.

નાની વયે નિરાધાર બનેલા આ બાળકો ને ભીખ માગવાનો વારો આવ્યો હતો. જોકે ત્રસ્ત બાળકો આ જંજાળ મા થી છૂટી અને એક નવા જીવન તરફ જઈ રહ્યા છે. ત્યારે અત્યારે તો આ બાળકો માતા પિતા અને આશરા ની રાહ જોઈ રહ્યા છે. અત્યારે તો આ બાળકો બાળ રિમાન્ડ હોમ મા નવી જિંદગી ની રાહ જોઈ રહ્યા છે.

હાઈકોર્ટના વકીલના ઘરે ૧૩.૪૦ લાખની ચોરી

અમદાવાદ,તા. ૨૭

શહેરના સેટેલાઈટ વિસ્તારમાં સુમેરું બંગલોઝમાં રહેતા અને ગુજરાત હાઈકોર્ટમાં વકીલાતની પ્રેકટીસ કરતાં એડવોકેટ ચિન્મય મહેન્દ્રકુમાર ગાંધીના ઘરમાંથી તસ્કરો રૂ.૧૩.૪૦ લાખની મતાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. આ બનાવ અંગે સેટેલાઈટ પોલીસે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના સેટેલાઈટ વિસ્તારમાં સુમેરુ બગંલોઝમાં રહેતા એડવોકેટ ચિન્મય મહેન્દ્રકુમાર ગાંધી ગુજરાત હાઈકોર્ટમાં વકીલાતની પ્રેકટીસ કરે છે.

પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠક પર ભાજપ ટીકિટ કોને આપશે ?

સંભવિત નવ ઉમેદવારોમાંથી ટીકીટ કોને મળશે ? : છ પીઢનેતા કે પછી ત્રણ યુવાન નેતા કે પછી નવોજ ચહેરો મુકાશે : કોંગ્રેસ દ્વારા ફરી મહેન્દ્રસિંહ બારૈયાને રીપીટ કર્યા છે

પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભા માટેની ઉમેદવાર માટે આ વખતે ભાજપ માટે અગ્ની પરીક્ષા જેવી સ્થિતિ પેદા થઈ છે જેમાં સંભવિત નવ ઉમેદવારોમાંથી કયાં ઉમેદવારને ટીકીટ મળશે.

વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીની તારીખો સહિતની પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા જાહેર થઈ ગઇ છે.

ત્યારે પ્રાંતિજ- તલોદ ૩૩ વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપ-કોંગ્રેસ સહિત અપક્ષો ઉમેદવારોમાં ઉત્સાહ જોવાં મળી રહ્યો છે. ત્યારે કોંગ્રેસ દ્વારા પહેલાંથીજ ફરી મહેન્દ્રસિંહ બારૈયાનું નામ ઉપર ટીકીટની મહોર મારી છે અને આ વખતે પણ તેવોને રીપીટ કરતાં કોંગ્રેસ ઉમેદવાર સ્પષ્ટ રીતે મેદાનમાં આવી ગયા છે ત્યારે ભાજપ દ્વારા હજુ ઉમેદવારોના નામ ઉપર મોહર મારવામાં આવી નથી અને ભાજપના કુલ નવ સંભવિત ઉમેદવારોમાંથી છ ઉમેદવારો પીઢ નેતા ઓ છે જેમાં (૧) દિપસિંહ રાઠોડ (૨) જયસિંહ ચૌહાણ (૩) જયેન્દ્રસિંહ રાઠોડ (૪) વી.ડી. ઝાલા (૫) બાબુભાઈ પટેલ (૬) જયંતિભાઈ પટેલ તો ત્રણ નવા યુવાન ચહેરાઓ છે જેમાં (૧) પ્રદિપસિંહ રાઠોડ (૨) નૃપાશં પટેલ (૩) ગજેન્દ્રસિંહ પરમાર જેમા ટીકીટ ઉપર કોનાં નામની મહોર લાગશે કે પછી કોઈ બહારના ઉમેદવારને ટીકીટ અપાશે એતો ભાજપ અને ભાજપ ઈલેકશન કમીટી દ્વારા જ આવનાર દિવસોમાં જાહેર કરવામાં આવશે ત્યારે આ વખતે પીઢ નેતા કે પછી યુવાનમાંથી કે પછી બહારથી કોઈ ઉમેદવારને ટીકીટ આપવામાં આવશે એ તો હવે આવનાર દિવસમાં જ ખબર પડશે. જયારે આ વખતે ભાજપ- કોંગ્રેસ બન્ને માટે ૨૦૧૭ની ચુંટણી ખરેખર પ્રતિષ્ઠાનો જંગ બની રહશે અને બન્ને પક્ષો સીટ જીતવા માટે એડીચોટીનું જોર લગાવશે. તો કોંગ્રેસ સીટ જાળવી રાખશે કે પછી ભાજપ સીટ હાંસલ કરશે એ તો વિધાનસભા ચૂંટણીના પરીણામ બાદ જ ખબર પડશે.!

● ભાજપ ના સંભવિત ઉમેદવાર

(૧) દિપસિંહ રાઠોડ

વાગપુરના વતની હાલ તેવો સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના સાંસદ છે તેવો ધારા સભ્ય પણ હતા તેવો શંકરસિંહ વાઘેલા સામે જીત્યા હતાં. તેવો કહેછે કે મે ટીકીટની માંગણી કરી નથી પણ જો પાર્ટી મને કહેશે તો હું પાર્ટી સાથે સંમત થઈશ.

(૨) જયસિંહ ચૌહાણ

તેવો વાઘપુર ના વતની છે અને પોતે શિક્ષક હતા અને ભાજપ સાથે વર્ષોથી જોડાયેલાં છે તેવો પહેલાં સાંસદ પણ હતાં અને ધારાસભ્ય પણ હતાં અને તેવો શિક્ષણમંત્રી પણ રહ્યાં છે પણ આગળની ટીમમાં તેવો મહેન્દ્રસિંહ બારૈયા સામે હારી ગયાં હતાં.

(૩) જયેન્દ્રસિંહ રાઠોડ

તેવો સીતવાડાના વતની છે તેવો જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ છે તેવો ભાજપના પીઢ નેતા છે તેવો સ્પષ્ટ વક્તા પણ છે.

(૪) વી.ડી.ઝાલા

તેવો પૂર્વ કાયદામંત્રી છે તેવો ભાજપમાંથી રાજપા અને પછી કોંગ્રેસ અને પાછા ભાજપમાં છે તેવો હાલ પણ ભાજપના પીઢ નેતા છે.

(૫) બાબુભાઇ પટેલ

તેવો પોગલુના વતની છે પોતે મોટા બિલ્ડર છે તેવો ભાજપ સાથે સંકળાયેલા છે તેવો પોતે સમાજના પ્રમુખ તથા સામાજિક કાર્યકર છે.

(૬) જયંતિભાઈ પટેલ

તેવો તલોદના વતની છે તેવો ભાજપ સાથે વર્ષોથી સંકળાયેલા છે. તેવો પોતે કચ્છ કડવા પાટીદાર સમાજ ધનસુરામાં ઉપપ્રમુખ છે, એનીમલ વેલ્ફર બોર્ડના સદસ્ય સામાજીક સમાનતા સમરસ સંકલ્પ યોગો સાબરકાંઠા-અરવલ્લી સંયોજક તથા પાર્ટીમાં સક્રિય કાર્યકર છે.

● યુવા સંભવિત ઉમેદવારો

(૧) પ્રદિપસિંહ રાઠોડ

તેવો વાઘપુરના વતની છે. તેવો ખુબજ ઉત્સાહી કાર્યકર છે અને પોતે આટલી ઉંમરથી જ પોતે સેવાકીય કાર્ય સાથે સંકળાયેલા છે. તેવો પોતે તાલુકા પંચાયતમાં સદસ્ય છે. પોતે યુવાનો સાથે સંકળાયેલા છે.

(૨) નૃપાંશ પટેલ ઉર્ફે ટોમ

સમાજિક કાર્યકર અને પોતે સંચાલક છે. પોતે શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને શૈક્ષણિક લાયકાત ધરાવે છે. તેવો શિક્ષણ સાથે સંકળાયેલા છે.

(૩)ગજેન્દ્રસિંહ પરમાર

તેવો વકતાપુરના વતની છે અને તેવો પોતે ભાજપ સાથે સંકળાયેલા છે. તેવો ભાજપ પૂર્વ મહામંત્રી, સરપંચ તથા પૂર્વ ચેરમેન તથા સહકારી બેંકમાં ડીરેક્ટર છે.

● મહેન્દ્રસિંહ બારૈયા કોંગ્રેસના ધારાસભ્ય

કોંગ્રેસ દ્વારા આ વખતે ચાલુ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને ફરી રીપીટ કર્યા છે. જયારે તેવો પોતે વકિલ હતાં અને તાલુકા પંચાયત, માર્કેટયાર્ડ, જિલ્લાપંચાયતની ચૂંટણી લડી ચુકેલ છે. તેવોની હાલ કોંગ્રેસ પાર્ટી તથા પ્રજામાં ચાહના છે. તેવો કોંગ્રેસના એક-એક કાર્યકર કે તલોદ- પ્રાંતિજમાં લોકોના સીધા સંપર્કમાં છે અને આ વર્ષે ધારાસભ્ય તરીકેના તેવોના કામ પણ બોલે છે. તેવો વિધાનસભામાં પણ કેટલાંય પ્રશ્નો ઉઠાવ્યા છે અને વર્ષોથી પડી રહેલ પ્રશ્નો કે સમસ્યાઓનો હલ લાવ્યાં છે.

ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીનો ભવ્ય સત્કાર

દર વર્ષની જેમ આ વર્ષે પણ ડીસા વિધાનસભા મતવિસ્તારનો ભાજપનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ આજે ડીસા ગંજબજાર સંકુલમાં ખૂબ ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયો હતો. આ અવસરે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાજ ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન તરીકે નિયુક્ત થયેલા સ્થાનિક અગ્રણી મગનલાલ માળીનો સત્કાર સમારોહ પણ યોજાતા સોનામાં સુગંધ ભળવા જેવો માહોલ સર્જાયો હતો.

આજે સવારે ડીસા ગંજબજાર સંકુલમાં રાજ્ય સરકારના મંત્રી અને જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશાજી ચૌહાણ, પાટણના સંસદસભ્ય લીલાધરભાઈ વાઘેલા, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે,એસ.ટી. નિગમના ડિરેકટર દિનેશભાઈ અનાવાડિયા, ગુજરાત બાંધકામ શ્રમજીવી કલ્યાણ બોર્ડના ડિરેકટર શશીકાન્તભાઈ પંડ્યા, ડીસા બજાર સમિતિના ચેરમેન માવજીભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ મહામંત્રી અમૃતભાઈ દવે, ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ માળી, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર સહિત અન્ય અગ્રણીઓ અને કાર્યકરોની બહોળી હાજરીમાં યોજાયેલા આ સ્નેહ મિલન સમારોહમાં ઉપસ્થિત અગ્રણીઓએ કાર્યકરોને નુતનવર્ષનાં અભિનંદન પાઠવી વિધાનસભાની ચૂંટણીમાં કમલકાંતિ સર્જવા માટે કામે લાગી જવા આહવાન કરી ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન તરીકે નિમાયેલા મગનલાલ માળીને પણ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

આ અવસરે સંપન્ન થયેલા ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના નવનિયુક્ત ચેરમેન મગનલાલ માળીના સત્કાર સમારોહમાં પણ કાર્યકરો અને માળી સમાજનો ઉત્સાહ ઉડીને આંખે વળગ્યો હતો.

ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

બાપુ મહાદેવ પુત્રને સંબોધતા તેના પિતાશ્રીને વહેલો નહીં મોકલવાનું કહીને આડકતરું એવું વ્યક્ત કરે છે કે મહાદેવભાઈની ગેરહાજરી તેમને સાલે છે. પણ પિતા-પુત્રની ગમ્મતની ક્ષમોમાં તેઓ વચ્ચે આવવા નથી માગતા.

૧૯૪૨માં મહાદેવભાઈનું અવસાન થયું ત્યારે રાજાજીએ તેમને અંજલિ આપી છે. અંજલિમાં રાજાજી લખે છે : ગાંધીજી માટે આ ભારે આઘાત છે. મહાદેવ પ્રેમાળ પત્ની અને પુત્રને મૂકતા ગયા છે. તેમને લાગ્યો હશે તેના કરતા વધારે ભારે આઘાત ગાંધીને લાગ્યો હશે. મહાદેવ અને ગાંધીજીનો સંબંધ વર્ણવ્યો જાય તેમ નથી. જયારે જયારે ગાંધીજીના શરીર થાક ખાય ત્યારે તેમનું કામ કરનારા વધારાના શરીર સમા મહાદેવ હતા. ગાંધીજી ખરેખર આજે અનાથ બન્યા છે. મહાદેવ તેમના સચિવ કે ગાંધીનું ગાયેલું ગાનારા ધ્વનિપેટી (હાર્મોનિયમ) ન હતા. પણ ગાંધી સાથે ઈમાનદારીપૂર્વક લડી લેતા અનેકોની એ શક્તિ પણ હતા.

સાભાર નોંધ :

આજનો લેખનો મુખ્ય ધ્વનિ ડાહોલક્ષ્મી પુસ્તકાલય, નડિયાદ ખાતે મુરબ્બી અચ્યુતભાઈ યાત્રિકે મહાદેવ દેસાઈના જીવન કવન પર લેખક નારાયણ દેસાઈના પુસ્તક - 'અગ્નિકુંડમાં ઉગેલુ ગુલાબ' વિષય પરના પ્રવચનનો છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

સાહિત્યવૃત્ત ● ૪ પાનાનું ચાલુ...

૨૦૧૮થી ૨૦૨૦ ના ત્રણ વર્ષ માટે સિતાંશુ યશચંદ્રને ચૂંટણી અધિકારી ભાલચંદ્ર ર. શાહ દ્વારા તા. ૨૩-૧૦-૨૦૧૭ના રોજ પ્રમુખ તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના પ્રમુખ તરીકે આરૂઢ થતા સિતાંશુ યશચંદ્રને ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ખૂબ ખૂબ અભિનંદનસહ અંતરની શુભકામનાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે અમદાવાદ ખાથે ચંદ્રકાન્ત દેસાઈ (યુ.એસ.) દ્વારા અનુવાદિત, જર્મન મહાકવિ વોલ્ફ ગાંગ ગ્યુઈથેની અમર કલાકૃતિ 'ફાઉસ્ટ'નું વિમોચન અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે મોનિકા ગ્રેવલ (ગ્યુઈથે ઈન્સ્ટિ. અમદાવાદ) ઉપસ્થિત રહ્યાં હતા.

કલરવ, સાહિત્ય ટ્રસ્ટ અને આર્યસમાજ, પોરબંદરના સંયુક્ત ઉપક્રમે ગઝલકાર 'મરીઝ'ની જન્મશતાબ્દી વંદના કાર્યક્રમ યોજાઈ ગયો.

- muljibhaidadhi@gmail.com